**૨૦૨૧-૨૨**
**આ.વિ.પે.યો.**

**સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટેની નવી બાબતની વહીવટી મંજૂરી બાબત.**
**ગુજરાત સમૂહ વનનિર્માણ પરિયોજના(૯૬-૪૪૦૬) હેઠળ વલસાડ ખાતે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી તથા ક્વાર્ટરના બાંધકામની કામગીરી, વિભાગ-૧(નવી બાબત)**

# ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: **એફએસટી/૧૧૨૧/૧૧/મ**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૧/૦૭/૨૦૨૧.

**વંચાણે લીધા :-**

(૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૨૬/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સાવયો/ટે.૬/અ/૧૩૭૯-૮૦/૨૦૨૦-૨૧.
(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૧૯/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સાવયો/૬/અ/૧૦૩-૦૪/૨૦૨૧-૨૨.
(૩) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૧૫/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: સાવયો/૬/અ/૧૫૮-૫૯/૨૦૨૧-૨૨

## ઠ રા વ

સને ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં ગુજરાત સમૂહ વનનિર્માણ પરિયોજના(૯૬-૪૪૦૬) હેઠળ વલસાડ ખાતે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી તથા ક્વાર્ટરના બાંધકામની કામગીરી, વિભાગ-૧(નવી બાબત) માટે કુલ **રૂ.૧૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો પચાસ લાખ પુરા)** ની જોગવાઈ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧),(૨) અને (૩) સામેના પત્રોથી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૨૬/૦૩/૨૦૨૧ ના પત્રમાં જણાવેલ આ નવી બાબત હેઠળના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૨૧-૨૨ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ.૧૫૦.૦૦ લાખના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂ. ૧૫૦.૦૦ લાખ |
| **કુલ** | : | **રૂ. ૧૫૦.૦૦ લાખ** |

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | કામગીરીની વિગત | રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૧ | વલસાડ ખાતે નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી બાંધકામની કામગીરી | ૧૦૦.૦૦ |
| ૨ | વલસાડ ખાતે નાયબ વન સંરક્ષકશ્રીની ક્વાર્ટરના બાંધકામની કામગીરી | ૫૦.૦૦ |
| | કુલ | ૧૫૦.૦૦ |

૪. આ યોજનાને નીચેની શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખેરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯ આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૫/૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧ તથા તા.૯/૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધીન/નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૧૩. બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૧૪. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે

૧૫. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૬. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૭. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે

૧૮. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૯. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૨૧-૨૨ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ. |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ. |
| મુખ્યસદર | : | ૪૪૦૬- વનં નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૦૬) FST-8 ગુજરાત સમૂહ વનનિર્માણ પરિયોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા. ૨૩/૦૬/૨૦૨૧ અને અધિક મુખ્ય સચિવશ્રી(વ અને પ)ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંકેતસિંહ વાઘેલા)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સીલેક્ટ ફાઈલ.
- સીલેક્ટ ફાઈલ.
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ - **IWDMS** પર મૂકવા માટે.